અપીલ અરજી નં.૪૬૧ તા.૧૨–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૮–૧૧–૧૧ની અરજી થી સાંઈકૃપા ઈન્ડ. સોસાયટી,આંજણા ફાર્મ પાસે, સુરતના પ્લોટ નં.૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫ના પાર્ટીસ્ટેટસની નકલો બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્લોટ નં. ૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫માં હાલમાં કયો કયો વ્યવસાય ચાલી રહયો છે તેની ગુમાસ્તાધારાના લાયસન્સ તથા પાર્ટીસ્ટેટસની નકલો સહિતની વિગતો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૮–૧૧–૧૧ની અરજીથી સાંઈકૃપા ઈન્ડ.સોસાયટી,આંજણા ફાર્મ પાસે, સુરત ના પ્લોટનં.૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫ ના પાર્ટીસ્ટેટસની નકલો બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ સાંઈકૃપા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્લોટ નં.૧૦, ૧૧, ૧૨, ૧૩,૧૪, ૧૫માં હાલમાં કયો કયો વ્યવસાય ચાલી રહયો છે તેની ગુમાસ્તાધારાના લાયસન્સ તથા પાર્ટીસ્ટેટસની નકલો સહિતની વિગતો આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૫૩૪ તા. ૦૫–૧૨–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ **તેમ**નો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો વિશેષતઃ પ્લોટ નં. ૧૦ એ–૧૧ સિવાયના પ્લોટ અંગેની દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૮૬ તા.૨૦–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન) તથા અરજદારને નારાજગી અંગે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદારના તા.૨૮–૧૨–૧૧ ના પત્રથી મુળ અરજીની નકલ, ફીની વિગત, જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૫૩૪ તા. ૫–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ ,ગુમાસ્તા નોંધણી પ્રમાણપત્રની નકલ, પ્લોટ નં.૧૦ થી ૧૪ માં ચાલતા વ્યવસાય અંગેના પત્રકની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૧–૧૧ની અરજીથી ઉપરોકત નિર્દિષ્ટ વિષય બાબત હેઠળનીઅરજી લીંબાયતઝોનને લગતી સેન્ટ્રલ ઝોન માં કરવામાં આવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ના પત્ર નં. સા.ઈ.ઝોન/ મહેકમ/ ૨૫૩૪ તા. ૦૫–૧૨–૧૧થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાતય ઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૩૪ તા.૫–૧૨–૧૧ થી સમય અવધિમાં પ્લોટ નં.૧૦–એ તથા ૧૧ના ગુમાસ્તાના નોંધણી પ્રમાણપત્રની નકલ પુરી પાડવામાં આવેલ છે. તેવુ જણાવેલ છે. પરંતુ આકારણીના પાર્ટીસ્ટેટસની નકલ પુરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે તા.૨૮–૧૨–૧૧ ના પત્રમાં માહિતી અધુરી આપી હોવાનું જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૮–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ પ્લોટ નં.૧૦ એ તથા ૧૧ ના ગુમાસ્તા વ્યવસાય વેરાની તેમજ પાર્ટી સ્ટેટસ સહિતની તથા પ્લોટ નં.૧૨ થી ૧૫ માટે અરજદારે માંગેલ વિગતે ગુમાસ્તા વ્યવસાય વેરાની માહિતિના પાર્ટીસ્ટેટસની માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લિંબાયત ઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લિંબાયત ઝોન .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,